
# ‘રાજનીતિ કી કિતાબ’ : દેશના રાજકારણની વાસ્તવિકતાનું નિરૂપણ

ચૂંટણીનો માહોલ છે. આસામ, કેરળ, પોન્ડિચરી, તમિલનાડુ અને પ.બંગાળમાં વિધાનસભાની ચૂંટણી છે. ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી છે. એ રીતે આસપાસ રાજકારણનો માહોલ પ્રસર્યો છે. આપણા દેશનું રાજકારણ અટપટું રહ્યું છે. ભારતીય રાજકારણની આ તાસીરનો અભ્યાસ અનેક નિષ્ણાતોએ કર્યો છે. તેમાંના એક રજની કોઠારી છે. તેમની ઓળખ પોલિટિકલ સાયન્ટિસ્ટ તરીકેની રહી છે અને દેશના સામાજિક અને રાજકીય અભ્યાસ માટે તેમણે 1963માં ‘સેન્ટર ફૉર ધ સ્ટડી ઑફ ડેવલપિંગ સોસાયટીઝ’ [સીએસડીએસ] નામે સંસ્થાની સ્થાપના કરી હતી. તેમણે આપણા દેશના રાજનીતિ પર અનેક પુસ્તકો લખ્યાં છે. તેમાં અગત્યના કહી શકાય તેવાં ‘પોલિટિક્સ ઈન ઈન્ડિયા’, ‘કાસ્ટ ઈન ઈન્ડિયન પોલિટિક્સ’, ‘રિથીંકિંગ ડેમોક્રસી’ જેવા ખૂબ અગત્યનાં પુસ્તકો છે. તેમની કારકિર્દીની શરૂઆત વડોદરા સ્થિત એમ.એસ.યુનિવર્સિટીથી થઈ હતી. અહીંયા તેઓ લેક્ચરર રહ્યા હતા. તે પછી તેઓ દિલ્હી ગયા અને ત્યાં જ વસ્યા. રાજકીય બાબતમાં તેમનો મત અગત્યનો ગણાતો અને તેથી તેઓ લાંબા સમયગાળા સુધી પ્રતિષ્ઠિત સામયિક ‘ઈકોનોમિક ઍન્ડ પોલિટિકલ વીકલી’ માં લખતા રહ્યા. તેમનું એક પુસ્તક હિંદી ભાષામાં ‘રાજનીતિ કી કિતાબ’ છે. આ પુસ્તકનું સંપાદન જાણીતા પત્રકાર અભયકુમાર દુબેએ કર્યું છે. પુસ્તકમાં શરૂઆતમાં સંપાદક અભયકુમાર દુબેએ ભારતીય રાજનીતિ અંગે રજની કોઠારીની લીધેલી મુલાકાતમાં અનેક પ્રશ્નો કર્યા છે. આ પ્રશ્નોના જવાબમાં ભારતીય રાજનીતિ પ્રત્યેની સમજણ ઝળકે છે.

અજયકુમાર દુબે રજની કોઠારીને પ્રશ્ન કરે છે કે, ‘‘તમારા મતે ભારતના અત્યાર સુધી સૌથી સારા અને સૌથી ખરાબ વડા પ્રધાન કોણ રહ્યા છે?’’ આ પુસ્તક 2003માં પ્રકાશિત થયું હતું એટલે તે પ્રમાણે રજની કોઠારીનો ઉત્તર છે. તેઓ કહે છે કેઃ ‘‘મને જવાહરલાલ નેહરુની સાથે વ્યક્તિગત રીતે કામ કરવાની તક મળી નથી પરંતુ હું આરંભથી જ નેહરુવાદી દૃષ્ટિકોણથી પ્રભાવિત હતો. નેહરુને મેં જેટલા વાંચ્યા છે અને જેટલું મેં અન્યના નજરેથી નેહરુ વિશે સાંભળ્યું છે. એવું કહી શકાય કે બેશક તેઓ એક સારા વડા પ્રધાન હતા. તેઓ સમાજના પ્રભાવશાળી વર્ગથી નજદીક હતા.

તેઓ દેશમાં નિરંતર પ્રવાસ કરતા હતા. તેઓ લોકોને મુક્ત કરવા ઈચ્છતા હતા. તેઓ પ્રજાને આઝાદી અને સમૃદ્ધિ આપવા માંગતા હતા પરંતુ તેમની શૈલી એવી હતી કે તેઓ લોકશાહીની ભાગીદારીમાં લોકોને સમાવિષ્ટ ન કરી શક્યા. જો કે તેઓ લોકોને ભવિષ્યમાં વધુ બહેતર સ્થિતિમાં મૂકવા માટે નિષ્ફળ રહ્યા તેથી હું તેમને સર્વશ્રેષ્ઠ વડા પ્રધાન માનતો નથી. લાલબહાદુર શાસ્ત્રીનો કાર્યકાળ ટૂંકો રહ્યો પરંતુ તેમના કાર્યકાળ દરમિયાન જે કંઈ થયું જો તેમને વધુ સમય મળ્યો હોત તો તેઓ ચોક્કસ વધુ પરિણામદાયી કામ કરી શકતે. ટૂંકા સમયગાળા માટે જે વડા પ્રધાન મળ્યા તેમાં વી. પી. સિંહ, ચરણસિંહ, ચંદ્રશેખર, દેવ ગૌડા અને ગુજરાલનો રેકોર્ડ મિશ્ર રહ્યો છે. આમાંથી સૌથી નિરાશાજનક કામ ગુજરાલે કર્યું છે. ખરેખર તેમણે કશુંય કર્યું નથી. જો કે તેમનાથી આશા ઘણી હતી. તમને મારા આકલનથી આશ્ચર્ય થશે પરંતુ સત્ય એ છે કે ઈંદિરા ગાંધી એક એવાં વડાં પ્રધાન હતાં, જેઓ રાજનીતિની યોગ્ય પરખ ધરાવતાં હતાં. ઉપરાંત તેમની પાસે ભારતને

ઈન સાઈડ આઉટ સાઈડ
કિરણ કાપૂરે




એક મહાન શક્તિ બનાવવાની દૃષ્ટિ પણ હતી. તેમની પાસે દેશના માનસને પ્રભાવિત કરવાની ક્ષમતા પણ હતી. ‘ગરીબી હટાવો’ નું સૂત્ર માત્ર એક રાજકીય તુક્કેબાજી નહોતી, બલકે આ સૂત્રથી પૂરા દેશમાં સામાન્ય જનને જે સમર્થન મળ્યું, તેવું આમજનતાને સમર્થન કમ્યુનિસ્ટ પાર્ટીઓથી પણ નથી મળ્યું. હું ઈંદિરા ગાંધીના ગુણગાન નથી ગાતો પરંતુ આ એક તથ્ય છે કે તેઓ અન્યની સરખામણીમાં ખાસ્સા સફળ વડાં પ્રધાન માનવામાં આવશે. સૌથી ખરાબ વડા પ્રધાન તરીકે હું નરસિંહરાવનું નામ લઈશ. રાવના કાર્યકાળમાં સૌથી વધુ ભ્રષ્ટાચાર થયો, બાબરી મસ્જિદ તૂટી, સરકાર બચાવવા માટે લોકોને ખરીદવામાં આવ્યા, તેઓ પોતે પણ ભ્રષ્ટાચારમાં સામેલ હોય તેવા પુરાવા મળ્યા. તેમના જ કાર્યકાળમાં મુક્ત બજારવાદનો ખ્યાલ વધુ વિકસ્યો અને દેશે તેમાં છલાંગ લગાવી.’’

પુસ્તકમાં રજની કોઠારીનું ઘણું આકલન આજની રાજકીય સ્થિતિ મુજબ યોગ્ય ન લાગે તેવુંય છે. જેમ કે તેમણે ભાજપનું ભવિષ્ય ભાખતા કહ્યું હતું કે, ‘‘ભાજપ હિંદુત્વની પાર્ટી તરીકે નિષ્ફળ થઈ ચૂકી છે. આજે લોકોને રામશિલા અયોધ્યા લઈ જવા માટે તૈયાર ન કરી શકાય.’’ આ નિવેદનો એક બહોળા સંદર્ભને અનુલક્ષીને તેમણે આપ્યાં છે પરંતુ આજે હિંદુત્વ પર ભાજપ એક અજેય પક્ષ બન્યો છે અને અયોધ્યામાં રામમંદિર નિર્માણ થઈ ચૂક્યું છે. આજે રાજકારણમાં કેટલીક ન કલ્પી શકાય તેવી બાબતો આવી ચૂકી છે. જેનાથી ભારતની રાજનીતિ ધરમૂળથી બદલાઈ ચૂકી છે. તેમાં એક અસરકારક સાધન સોશિયલ મીડિયાનું છે. એ પ્રમાણે ’90ના દાયકાની પરિસ્થિતિ જોઈને રજની કોઠારીએ કહ્યું હતું કે, ગઠબંધનની રાજનીતિ લાંબા સમય સુધી ટકશે. રાજકીય પક્ષોથી લોકોનો મોહભંગ થઈ ચૂક્યો છે અને કોઈ એક પક્ષને બહુમત મળવાની શક્યતા દૂર દૂર સુધી નથી. જો કે આપણે જોયું કે ગત લોકસભાની ચૂંટણીને છોડીને 2014 અને 2019માં ભાજપે કેન્દ્રમાં બહુમતી મેળવી હતી.

સ્વાભાવિક છે કે રાજકારણ કે કોઈ પણ બાબતમાં સટીક આકલન કરવું મુશ્કેલ છે પરંતુ રજની કોઠારીના વિચારો પુસ્તકમાં વાંચવા મળે છે તેમાં તેઓ ‘વિકલ્પહીનતા કા મહાસંકટ’ નામના પ્રકરણમાં કહે છે કે, ‘રાજ્યની જગ્યા બજાર લઈ રહ્યું છે. આ એક મોટાં પરિવર્તનની શરૂઆત છે અને તેનો સંબંધ કોઈ પણ પ્રકારના વૈકલ્પિક સત્તાના કેન્દ્રોની નાબૂદીથી છે.’ આ પ્રકરણમાં રજની કોઠારીએ જે કહ્યું હતું તે જાણે સાચું પડી રહ્યું છે. તેઓ કહે છે કે બજારીકરણથી જમીની સ્તર પર થનારાં આંદોલન મજબૂત નહીં થઈ શકે. તેઓ એમ સુધ્ધાં કહે છે કે રાજનીતિના માધ્યમથી થનારા આયોજન અને નિયંત્રણ પણ હવે ઉદ્યોગોના હાથમાં જતા રહેશે. આજે આપણા દેશમાં બજાર અને મોટા ઉદ્યોગોનું એ સ્થાન જોઈ રહ્યા છે. જેમાં તેઓ ઘણું બધું નિયંત્રિત કરે છે. આ પુસ્તકમાં એકેડેમિક રીતે લખાયું છે. હિંદી ભાષામાં કેટલાંક શબ્દોનો અર્થવિસ્તાર પકડી શકાતો નથી. તેથી પણ પુસ્તકમાં રજની કોઠારી તમામ વિચારોને ગુજરાતીમાં મૂકી શકતા નથી. તેમ છતાં જો કોઈ ભારતીય રાજકારણને સમજવા માંગે છે તો ચોક્કસ ‘રાજનીતિ કી કિતાબ’ ઉપયોગી થઈ શકે. પુસ્તકમાં વિગતે ‘કોંગ્રેસ પ્રણાલી’,‘દલિત ઉભાર કે માયને’,‘સ્પર્ધા આધારિત સમતા યા ન્યાય?’ જેવા કેટલાક અતિ પડકારજનક વિષયોની ચર્ચા રજની કોઠારીએ કરી છે. પુસ્તકનું સંપાદન અભયકુમાર દુબેએ કર્યું છે. કેટલાક હિંદી શબ્દોનો અર્થવિસ્તાર પાછળનાં પૃષ્ઠો પર આપવામાં આવ્યો છે.

**ઇંદિરા ગાંધી એક એવાં વડાપ્રધાન હતાં, જેઓ રાજનીતિની યોગ્ય પરખ ધરાવતાં હતાં. ઉપરાંત તેમની પાસે ભારતને એક મહાન શક્તિ બનાવવાની દૃષ્ટિ પણ હતી. તેમની પાસે દેશના માનસને પ્રભાવિત કરવાની ક્ષમતા પણ હતી. ‘ગરીબી હટાવો’ નું સૂત્ર માત્ર એક રાજકીય તુક્કેબાજી નહોતી, બલકે આ સૂત્રથી પૂરા દેશમાં સામાન્ય જનને જે સમર્થન મળ્યું, તેવું આમજનતાને સમર્થન કમ્યુનિસ્ટ પાર્ટીઓથી પણ નથી મળ્યું**

આખરના એક પ્રકરણ ‘સ્પર્ધા આધારિત સમતા યા ન્યાય?’ માં રજની કોઠારી કહે છે કે, ‘‘આધુનિકતાવાદી વિચારનો દાવો છે કે આર્થિક વિકાસથી સમૃદ્ધિ આગળ વધશે અને તે ટીપે ટીપે નીચેના વર્ગ સુધી જશે પરંતુ આ વિચારના ચક્કરમાં એ ભૂલાઈ ગયું છે કે નવી સમૃદ્ધિ ઊભી કરવામાં સદીઓથી ખેતીની જમીન, જંગલ અને સામૂહિક માલિકી ધરાવતી સંપત્તિનો નાશ થઈ જશે. ગ્લોબલાઈઝેશનમાં ગરીબીના ઉકેલનો દાવો કરનારાઓ હજુ સુધી ગરીબીના મૂળ સમસ્યા સુધી પહોંચ્યા પણ નથી. તેના જ કારણે ભૂખમરો, વિસ્થાપન, કુપોષણ ને અસંગઠિત ક્ષેત્રની સમસ્યાઓ વધુ સામે આવી રહી છે.’’

આજની હિંદુત્વની રાજનીતિ વિશે પણ તેમણે ‘સાંપ્રદાયિકતા કા અષ્ટાવક્ર’માં લખ્યું છે કે, ‘‘ભારતીય અંદરથી એ પ્રકારનો ‘ધાર્મિક’ નથી, જે રીતે વિશ્વ હિંદુ પરિષદ તેનો પ્રચાર કરે છે. એક સમાજ અને સભ્યતાના સ્વરૂપે ભારતનો રાષ્ટ્રીય વારસો કોઈ એક ધર્મને માન્યતા આપતો નથી. હિંદુવાદ પણ એ પ્રકારનો ધર્મ નથી, જેની ઓળખ ધાર્મિક પ્રકારની હોય. તમે દેશના કોઈ પણ ગામમાં જતા રહો, કોઈ પણ દરવાજો ખખડાવો અને તેનો પરિચય પૂછો. કોઈ પણ વ્યક્તિ હિંદુના રૂપે પોતાનો પરિચય નહીં આપે. બલકે તે પોતાની જ્ઞાતિ, ગામ કે મોહલ્લાનો પરિચય આપશે.’’ આવું ઘણું બધું રજની કોઠારીએ પોલિટિકલ સાયન્ટિસ્ટ તરીકે નોંધ્યું છે.



# ક્યા સોચા, ક્યા પાયા? મનનાં માનસરોવરમાં મારો ડૂબકી

*અંતરાત્માને પટાવતા આવડે તો જીવતા આવડે!*
*(છેલવાણી)*

એક વખત ત્રણ કાચબાઓએ પિકનિક પર જવાનું નક્કી કર્યું. પિકનિક માટે સેન્ડવિચ, બિસ્કિટ્સ, કોલ્ડ ડ્રિંક્સની બોટલ્સ વગેરે બાસ્કેટમાં પેક કર્યાં. પિકનિકની જગ્યાએ પહોંચ્યા ત્યારે ખબર પડી કે એ લોકો બોટલ ઓપનર તો ઘરે જ ભૂલી ગયેલા. બુઢ્ઢા કાચબાએ, નાના કાચબાને પાછા જઈને લઈ આવવા કહ્યું. ત્યારે યુવાન કાચબાએ કહ્યું કે, “જો હું જઈશ તો તમે આ સેન્ડવિચ ખાઈ જશો!” બન્ને કાચબાઓએ વચન આપ્યું, “જ્યાં સુધી એ પાછો નહીં આવે ત્યાં સુધી કોઈ સેન્ડવિચ ખાશે નહીં!” પછી યુવાન કાચબો બોટલ ઓપનર લેવા નીકળ્યો.

પછી ઘણો સમય વિતી ગયો તો પણ પેલો યુવાન કાચબો પાછો આવ્યો નહીં. છેવટે થાકીને બુઢ્ઢા કાચબાએ કહ્યું, “મને લાગે છે એ હવે નહીં આવે. ચાલો આપણે સેન્ડવિચ ખાઈ જઈએ. “એટલામાં અચાનક જ યુવાન કાચબો ત્યાં પથ્થરની પાછળથી બહાર આવીને બોલ્યો, “મને ખાતરી હતી કે હું જઈશ એટલે તમે સેન્ડવિચ ખાઈ જ જશો! એટલે હું જવાનો નથી!”

પેલો કાચબો આપણું કમીનું મન છે. આપણી સાથે પણ ઘણી વાર આવું બનતું હોય છે. મનોચિકિત્સકો આને ‘સેલ્ફ ફુલ-ફિલિંગ પ્રોફેસી’ કહે છે. ઘણી વાર જે ધારો એ એવી હાલત થાય. ઘણી વખત એવું બને કે અજાણતામાં કરેલી ખરાબ ભવિષ્યવાણી જ્યારે સાચી પડી જાય છે.

મિજાજ મસ્તી
સંજય છેલ

મહાકવિ ટાગોરની એક કવિતા છે ‘દેવતાનો ગ્રાસ.’ એમાં એક માના અજાણતામાં બોલાયેલા શબ્દોની વાત છે. એક વખત ગામમાંથી કેટલાક લોકો હોડીમાં બેસીને તીર્થસ્નાને જવાનું નક્કી કરે છે. ત્યાં મોક્ષદા નામની વિધવા સ્ત્રી પણ ઘાટ પર આવે છે. ત્યારના સમયમાં મોક્ષદા વિધવા છે એટલે એને સાથે લઈ જતા બધા ખચકાય છે પણ ખૂબ વિનંતી પછી એને લઈ જવા સૌ માની જાય છે પણ એનો દીકરો પણ જીદ કરીને એની સાથે આવે છે. માએ દીકરાને ઘણું સમજાવ્યું કે તું માસી પાસે રહે પણ છોકરો ના માન્યો. ત્યારે મા, ગુસ્સામાં બોલે છે કે, “તારે દરિયે જવું છે ને! ચાલ તને દરિયાના પાણીમાં નાખી આવું!” છેવટે રાખાલ પણ એની સાથે હોડીમાં જાય છે. તીર્થસ્નાન કરી જ્યારે બધા પાછા ફરતા હોય છે ત્યારે અચાનક નદીમાં તોફાન આવે છે. હોડીનો ખલાસી કહે છે કે, “જરૂર કોઈએ દેવતાની માનતા પૂરી નથી કરી એટલે જ અચાનક આવું તોફાન આવ્યું છે.” બધાંએ પોતાની પાસે જે કંઈ ધન, વસ્ત્ર હતાં એ પાણીમાં નાખી દીધાં. એ જ ક્ષણે એક ભયંકર છાલક સાથે હોડીમાં પાણી આવી જાય છે. ખલાસી ફરી કહે છે કે, “દેવતાનું ધન કોણ પાછું લઈ જાય છે?” તરત જ એક બૂઢો કહે છે કે આ વિધવા મોક્ષદા પોતાનો દીકરાને પાછો લઈ જાય છે! એના દીકરાને પાણીમાં ફેંકો! મોક્ષદા બધાંને ખૂબ આજીજી કરે છે પણ કોઈ એની વાત સાંભળતું નથી. મોક્ષદા ભગવાનને પ્રાર્થના કરે છે કે, “મેં જે કંઈ કહ્યું હતું એ ગુસ્સામાં કહ્યું હતું! શું તમે કેવળ મારા શબ્દો જ સાંભળ્યા?” એટલામાં જોરથી વીજળી ચમકી ને પાણીની મોટી છાલક આવી. થોડી વાર પછી પેલી મોક્ષદા બેભાન થઈને પડી હતી અને રાખાલ બૂમો પાડતાં પાડતાં નદીનાં પાણીમાં પડીને અલોપ થઈ ગયો!

*ઈંટરવલઃ*

જિસકા ડર થા બેદર્દી વો હી બાત હો ગઈ! (આનંદ બક્ષી)

એક સર્વે મુજબ તમે પોતે જે મનમાં વિચારો છો એને કમજોર માનતા નહીં. એનો પોઝિટિવ અને નેગેટિવ એમ બન્ને રીતે પ્રભાવ પડતો હોય છે. 1968માં એક પ્રયોગ મુજબ, એક શિક્ષકને કહેવામાં આવ્યું કે એમના આ પાંચ વિદ્યાર્થીઓ બહુ જ હોંશિયાર છે. હકીકતમાં એ સ્ટુડંટ્સ એવા કાંઇ નહોતા. પણ જ્યારથી એ પાંચ છોકરાઓને ટીચરે હોંશિયાર કહેવાનું શરૂ કર્યું ત્યારથી એ લોકો ભણવામાં બહુ સરસ રિઝલ્ટ લાવવા માંડ્યા અને નવાઈની વાત તો એ હતી કે એ પાંચેય છોકરાઓ એમની આખી લાઈફમાં ધીમે ધીમે વધુ ને વધુ હોંશિયાર બનતા ગયા.

**આપણે પણ પોઝિટિવિટીના ડોઝ ગટગટાવીને એમ વિચારીએ કે હવે મોંઘવારી ઘટશે, બેરોજગારી ખતમ થશે, દેશમાં શાંતિ ને ભાઇચારો વધશે. કાશ, હવે હાશ થશે!**

જૂઠા તો જૂઠા પણ આપણે આશાવાદી હોવાનો અને આત્મવિશ્વાસનો ખાલી અભિનય કરીને પણ સફળતા મેળવવાની ક્ષમતામાં વધારો કરી શકીએ છીએ. મનોવૈજ્ઞાનિક હાવર્ડ ઝીન કહે છે કે નિરાશાવાદ એ પોતે કરેલી ભવિષ્યવાણી બની જાય છે, જે આપણા સંજોગો સામે લડવાની ઈચ્છાને પાંગળી બનાવી દે છે.

કેટલાક ડૉક્ટરોએ અમુક દર્દીઓ પર નેગેટીવ અને પોઝિટિવ વિચારોને લઈને એક રીસર્ચ કર્યું. પરિણામ જોઈને ડૉક્ટરો ચોંકી ગયા. જે દર્દીઓના મનમાં દુખાવાના દવાની અસર થઈ નથી રહી એવા વિચારો ચાલતા હતા એવા દર્દીઓને દુખાવો વધી ગયો હતો. જ્યારે એમને આપવામાં આવતી દવાઓ દુખાવો ઓછો કરે જ છે એવું મેડિકલી સાબિત થયું હતું. બીજી તરફ એ જ દવા બીજા દર્દીઓને આપવામાં આવી. તેઓ વિચારતા હતા કે આ દવાથી એમને દુખાવામાં ઘણી રાહત મળે છે. એમને આ દવાની વધારે જલદીથી અસર થઈ રહી હતી.

ચાલો, આપણે પણ પોઝિટિવિટીના ડોઝ ગટગટાવીને એમ વિચારીએ કે હવે મોંઘવારી ઘટશે, બેરોજગારી ખતમ થશે, દેશમાં શાંતિ ને ભાઇચારો વધશે. કાશ, હવે હાશ થશે! ઓશો રજનીશે કહેલું કે- “તુમ્હેં પરિણામ કી ચિંતા હે, પર તુમ ચિંતા કા પરિણામ નહીં જાનતે!” તો સંડે સવારે શુભ શુભ સુખાત્મક સારાં સારાં સપનાં જુઓ, એમ પણ હજુ સપનાં જોવા પર ક્યાં સેલ્સ ટેક્સ લાગ્યો છે?

*આદમઃ કાલે શેર માર્કેટ ઊઠશે.*
*ઈવઃ તું કેટલા વાગે ઊઠીશ?*

# IPL 2026માં આક્રમક નહીં પણ નિષ્ક્રિય જેવી CSKની ડેથ ઓવર સમસ્યા

ગત રવિવાર સુધી, ચેન્નાઈ સુપર કિંગ્સ (CSK)એ IPL ના એક પણ દાવમાં 250 રન આપ્યા ન હતા. રવિવાર સુધી, CSK એ IPL ના એક પણ મેચમાં ડેથ ઓવરમાં 78 રન આપ્યા ન હતા. રવિવાર સુધી, CSK એ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) સામે ચાર મેચ હારી ન હતી. રવિવાર સુધી, CSK ના બોલરો બેંગલુરુમાં જેટલા વિચારોથી વંચિત દેખાતા હતા તેટલા ડેથ ઓવરમાં ક્યારેય નહોતા. IPL 2025 માં પણ, જ્યારે CSK 14 માંથી ફક્ત ચાર મેચ જીતી હતી અને પોઈન્ટ ટેબલમાં તળિયે રહી હતી, ત્યારે તેમનો ડેથ-ઓવરનો 11 ઈકોનોમી રેટ બધી ટીમોમાં ચોથો શ્રેષ્ઠ હતો. જ્યારે IPL 2026 ના શરૂઆતના દિવસો હજુ બાકી છે , CSK એ અત્યાર સુધીમાં ડેથ ઈનિંગ્સમાં 40 બોલમાં 111 રન આપ્યા છે, જેનો ઈકોનોમી રેટ 16.65 છે, જે દસ ટીમોમાં સૌથી કંગાળ છે. અને યાદ રાખો, સીએસકેની ટુર્નામેન્ટની શરૂઆતની મેચમાં, રાજસ્થાન રોયલ્સે રમતને ડેથ ઓવરમાં પણ જવા દીધી ન હતી, અને ૧૨.૧ ઓવરમાં ૧૨૮ રનનો સામાન્ય પીછો પૂર્ણ કર્યો હતો.

ખેલખેલમેં

ચેપોક ખાતેની પાછલી મેચમાં, પંજાબ કિંગ્સે ડેથ ઈનિંગ્સમાં 2.4 ઓવરમાં 33 રન બનાવીને 210 રનનો પીછો એક ઓવર બાકી રહેતા પૂર્ણ કર્યો હતો. અને, રવિવારે, ટિમ ડેવિડ અને રજત પાટીદારના ક્રૂર આક્રમણની આગેવાની હેઠળ, CSK છેલ્લી ચાર ઓવરમાં 78 રનમાં સમેટાઈ ગયું, જે IPLના ઈતિહાસમાં તે સમયગાળામાં પાંચમો સૌથી મોટો સ્કોર છે.

પહેલી બે મેચથી વિપરીત, ઋતુરાજ ગાયકવાડે ફિલ્ડિંગનો નિર્ણય લીધા પછી, CSK બોલરોએ RCB સામે ઘણી સારી શરૂઆત કરી હતી. પાંચમી ઓવરમાં વિરાટ કોહલીને આઉટ કરીને આઉટફિલ્ડ ભરાઈ ગઈ હતી અને ટેકરી સપાટી પર, તેમણે RCBને પાવરપ્લેમાં 51 રન સુધી રોકી રાખ્યું હતું, અને 11 ઓવર પછી સ્કોર 2 વિકેટે 98 રન હતો, જે પ્રતિ ઓવર નવ રનથી ઓછો હતો. ત્યારે જ પરિસ્થિતિ પલટાઈ ગઈ. જેમ જેમ સપાટી સારી થતી ગઈ અને રજત પાટીદાર અને દેવદત્ત પડિકલ આક્રમક રમતમાં ઉતરતા ગયા, બોલરોએ કાવતરું સંપૂર્ણપણે ગુમાવી દીધું.

આગામી પાંચ ઓવરમાં 74 રન બન્યા પરંતુ વાસ્તવિક નુકસાન હજુ આવવાનું બાકી હતું. પડિકલ આઉટ થયો, ટિમ ડેવિડ બેટીંગ કરી રહ્યો હતો અને ડેથ-ઓવરમાં સનસનાટીભર્યા હુમલો શરૂ કરતાં CSK હાર્યું. બોલ-બાય-બોલ ડેટા અનુસાર, ડેથમાં CSK એ ફેંકેલી અડધાથી વધુ બોલ કાં તો ફુલ ટોસ અથવા ફુલ હતી, અને તેઓએ ફક્ત એક યોર્કર ફેંક્યો હતો. લંબાઈ અથવા ગતિમાં બહુ ભિન્નતા નહોતી, અને RCB એ છેલ્લી ચાર ઓવરમાં નવ છગ્ગા ફટકાર્યા, જેમાં ડેવિડે પોતાના દમ પર આઠ છગ્ગા ફટકાર્યા.

એવું નથી કે હાલના CSK બોલરોને ડેથ ઓવરમાં બોલિંગ કરવાનો અનુભવ નથી. RCB રમત પહેલા, નૂર અહમદે IPL માં ડેથ ઓવરમાં 8.02 ના ઈકોનોમી રેટ સાથે 14 થી વધુ ઓવર ફેંકી હતી. રવિવારે સાંજે, તેણે 17મી ઓવરમાં 21 રન બનાવ્યા.

આ રમતમાં આવતા, જેમી ઓવરટનનો 2025 ની શરૂઆતથી T20 માં ડેથ-ઓવરનો ઈકોનોમી રેટ 9.26 હતો. ડેવિડે તેને 19મી ઓવરમાં 30 રન માટે ક્લબ કર્યો. અંશુલ કંબોજે ડેવિડને આઉટ કરવા માટે એક શાનદાર યોર્કર ફેંક્યો, પરંતુ તેણે ઓવરસ્ટેપ કર્યું, જેના કારણે ટીમને 40 થી વધુ રનનો ખર્ચ થયો - ડેવિડ તે સમયે 29 રને હતો, તેણે 70 રન બનાવ્યા.



**CSKએ અત્યાર સુધીમાં IPL 2026 માં ડેથ ઓવરમાં 40 બોલમાં 111 રન આપ્યા છે, જેનો ઇકોનોમી રેટ 16.65 છે, જે દસ ટીમોમાં સરળતાથી સૌથી કંગાળ છે, ડેટા અનુસાર, ડેથમાં CSK એ ફેંકેલી અડધાથી વધુ બોલ કાં તો ફુલ ટોસ અથવા ફુલ હતા, જાણે બેટસમેનને ફટકા મારવાનું ઇજન આપતા હોય તેવી તેમની બોલિંગ રહી છે.**

સીએસકે તરફથી સાતત્યનો સ્પષ્ટ અભાવ જોવા મળ્યો. નૂર, જેમણે તેની પહેલી ત્રણ ઓવરમાં 28 રન આપ્યા હતા, તેણે તેની છેલ્લી ઓવરમાં ખૂબ જ પ્રયાસ કર્યો અને ખૂબ જ ઝડપી બોલિંગ કરી. બહુ ટર્ન ઓન ઓફર ન હોવાથી, ડેવિડ માટે પસંદગી કરવી સરળ હતી. ઉપાંતિક ઓવરમાં, ઓવરટન સ્લોટમાં બોલિંગ કરતો રહ્યો અને ડેવિડ અંતર જતો રહ્યો. એક વખત જ્યારે તેણે હાર્ડ લેન્થ ફેંકી, ત્યારે ડેવિડે વિકેટકીપર ઉપર ટોપ-એજ મિસક્યુ કરી. કંબોજે સારી બોલિંગ કરી પરંતુ નો-બોલ ખરાબ પ્રયાસ હતો.

મુખ્ય કોચ સ્ટીફન ફ્લેમિંગે CSK ની ડેથ બોલિંગ વિશે કહ્યું કે આજે અમે ફક્ત અમલ કર્યો નથી. તે બે મેચમાં અલગ રહ્યું છે. મને લાગ્યું કે અમે આખી ઈનિંગ્સ દરમિયાન છેલ્લી મેચમાં થોડા નિષ્ક્રિય હતા. ખાસ કરીને ઝડપી બોલરોએ ફક્ત થોડી શોધ કરી.

આજે પહેલા ભાગમાં તે ઘણું સારું હતું પરંતુ પછી દબાણ હેઠળ અમલ ખોટો થયો.

ખૂબ જ વિનાશક એવા ટિમ ડેવિડ જેવા હિટર સામે, જ્યારે આપણે પાછળ પડીએ અને તેણે પોતાની લય મેળવી લીધી હોય, ત્યારે તમારે એકદમ યોગ્ય દેખાવ કરવો પડે છે.

ત્યાં કદાચ 40 રન હોય તે ખરેખર નાનો માર્જિન છે અને ડેવિડ જેવા સારા હિટર સામે તમારે તેના કરતા વધુ ચોક્કસ રહેવું પડશે. ફ્લેમિંગે કહ્યું અમારી પાસે એક યુવા જૂથ છે જે આગળ વધવા માટે એક મુખ્ય ભાગ બનાવવાનો પ્રયાસ કરી રહ્યું છે.

અમારી પાસે એવા ખેલાડીઓ છે જેઓ તેમના શ્રેષ્ઠ પ્રદર્શનમાં નથી અને તમે ખૂબ જ સખત પ્રયાસ કરવાની વાત કરો છો; ક્યારેક, પ્રયાસ થોડો વધારે પડતો ભયાવહ હોય છે.

IPLના ઈતિહાસમાં આ પહેલી વાર છે જ્યારે CSK એ સતત ત્રણ મેચમાં પ્રતિ ઓવર દસથી વધુ રન આપ્યા છે.

તેમની પાસે સ્પેન્સર જોહ્નસન બેન્ચ પર છે, પરંતુ તે પણ ઈજામાંથી સ્વસ્થ થઈ રહ્યો છે, જ્યારે ગુર્જપનીત સિંહ તેની ડેથ બોલિંગ માટે જાણીતો નથી.

ત્રણમાંથી ત્રણ હાર્યા પછી, CSK ને તેમની ડેથ-બોલિંગની મુશ્કેલીઓનો ઉકેલ શોધવાની જરૂર છે, નહીં તો આ પાંચ વખતના ચેમ્પિયન માટે ફરીથી લાંબી સીઝન બની શકે છે.